ગાંધીનગર શહેરમાં દર હજારે ૧૨.૬ રહેણાંક જીર્ણશીર્ણ

જે મકાનોનો આવાસ અને અન્યમાં ઉપયોગ થાય છે તેની સ્થિતિ વધુ વિકટ

ગ્રામીણ ગુજરાતની સરખામણીએ ગ્રામીણ ગાંધીનગરની વાત કરીએ તો અહીં દવાખાનાઓનું પ્રમાણ વધુ છે. દવાખાના હોય એટલે તબીબો પણ વધુ જ હોવાના એ પણ સ્વાભાવિક છે. પણ આરોગ્યના આ પ્રશ્નને સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ સમજવાનો આપણે પ્રયાસ કરીએ તો સેન્સસ ડેટામાં આંકડાઓ તેના જવાબ તરફ દોરી જાય છે. સેન્સસના આંકડા સૂચવે છે કે જનગણનામાં જે ઘર-મકાનોની સંખ્યા નોંધાઈ છે એમાં ગાંધીનગરના આંકડાઓનું ચિત્ર દર્દી-દવાખાનાઓની સંખ્યા વધુ શા માટે ? એ તરફ લઈ જાય છે. સેન્સસના ડેટા પ્રમાણે ગાંધીનગર (ગ્રામીણ અને શહેરી)નું ચિત્ર એ બાબતે ઉજાગર કરે છે. નીચેનું કોષ્ટક જોતાં એ સ્પષ્ટ થાય છે.



ગાંધીનગરના જનગણના મકાનોની સ્થિતિ

	સારી (ટકા)	રહેવા લાયક (ટકા)	જીર્ણ શીર્ણ (ટકા)
કુલ-૨,૮૭,૨૦૧	૧૯૨૦૯૦(૬૭)	૮૯૮૧૩(૩૧.૨)	૫૨૯૮ (૧.૮૪)
ગ્રામ્ય-૧૬૦૨૭૬	૯૭૯૨૦ (૬૧)	૫૮૬૫૯ (૩૬.૫)	૩૬૯૭ (૨.૩૦)
શહેરી-૧૨૬૯૨૫	૯૪૧૭૦ (૭૪)	૩૧૧૫૪ (૨૪.૫)	૧૬૦૧ (૧.૨૬)

સેન્સસ ૨૦૧૧ ગુજરાત શ્રૃંખલા

ઉપરના આંકડાઓ સ્પષ્ટ કરે છે કે ગાંધીનગરના ગણતરીમાં સમાવાયેલા મકાનોની પૈકી ૬૭ ટકા મકાનોની સ્થિતિ સારી છે, જ્યારે ૩૧ ટકા મકાનો રહેવાલાયક છે. પરંતુ ૧.૮૪ ટકા તો રહેણાંક એવા છે કે જ્યાં રહેવા માટેની સ્થિતિ સહેજ પણ સારી નથી. આ તો આખા ગાંધીનગરની વાત થઈ પણ જો એ જ રીતે ગ્રામીણ ગાંધીનગરની સ્થિતિ જરા વધુ ખરાબ કહી શકાય એવી છે. ગાંધીનગરના ગ્રામીણ ક્ષેત્રમાં ૬૧ ટકા મકાનો સારી સ્થિતિમાં, ૩૬.૫ ટકા મકાનો રહેવાલાયક છે પરંતુ ૨.૩૦ ટકા મકાનો એવા છે જે રહેવા માટે બિલકુલ સારી સ્થિતિમાં નથી, જીર્ણશીર્ણ છે. આ આંકડાઓને અને તેની ટકાવારીને તથા જો પ્રમાણને ચકાસીએ તો આપણે ઘણી વિકટ સ્થિતિ સમજી શકીશુ. ઉપરછલ્લી રીતે આપણે આંકડા તપાસીએ તો એમ જણાય કે ગાંધીનગરમાં રહેવા માટે યોગ્ય ના કહી શકાય તેવા ઘર-મકાનોની સ્થિતિ ઓછી છે. હા, આંકડાકીય રીતે એ વાત સાચી છે પરંતુ બીજી રીતે આજ આંકડાઓને તપાસ તરાજુમાં તોલીએ તો એમ કહી શકાય કે ગાંધીનગર (શહેર-ગ્રામ બન્ને)માં દર હજારે ૧૧.૮૪ મકાનો જીર્ણશીર્ણ છે તેમ છતાં તેમાં વસવાટ કરતા લોકો છે. જો ગ્રામીણ વિસ્તારને જોઈએ તો દર હજારે ૨૩ મકાનો અને શહેર કક્ષાએ ૧૨.૬ મકાનો બદતર હાલતમાં છે. આ મકાનને આપણે રહેણાંક કહી શકીએ. જ્યાં દર હજાર મકાને જો આટલા મકાનો રહી ન શકાય તેવા હોય અને છતાં તેમાં રહેવું પડે એવી સ્થિતિ હોય તો પરિસ્થિતિ શું થાય ? આ વસવાટોમાં વસતા પરિવારજનો વિવિધ રોગચાળાનો ભોગ બને એ સ્વાભાવિક વાત છે.

● અનુસંધાન પાન-૭ પર

દબાણનું અંતિમધામ - શહેરના મુક્તિધામની બરોબર અડીને દબાણનું અંતિમ બની ગયું છે... છેલ્લા બે દિવસથી શહેરમાં દબાણ તંત્ર દ્વારા લારી-ગલ્લા ઉઠાવી - ઉઠાવીને દબાણ મુક્ત ગાંધીનગર બનાવવાની ઝુંબેશ જોરશોરથી ચાલી રહી છે... શહેરમાંથી ઉઠાવેલા લારી-ગલ્લાની ડમ્પીંગ સાઈટ મુક્તિધામની બાજુમાં ઉભી કરાઈ છે...

જિલ્લામાં વરસાદ ખેંચાતાં વાવણી કાર્ય લગભગ ઠપ્પ

ગત વર્ષની તુલનામાં આ સમયગાળામાં થયેલ વાવેતર કરતાં નવ હજાર હેક્ટરમાં ઓછુ વાવેતર

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાઈ જતાં વાવણીનું કાર્ય ખેડૂતોએ ઠપ્પ કરી દીધુ છે. ગત વર્ષની તુલનામાં અત્યાર સુધીમાં ૯ હજાર હેક્ટર વિસ્તાર જેટલુ ઓછુ વાવેતર જિલ્લામાં નોંધાયુ છે.

જિલ્લામાં વરસાદની ઘટ ખુબજ મોટી થઈ જવા પામી છે એટલુ જ નહિ હવે જો વરસાદ જેટલો વધુ ખેંચાશે તેટલી સમસ્યાઓ વધશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં પાણીની સમસ્યા પણ ઉભી થઈ શકે તેવી સંભાવનાઓ છે.

જિલ્લો પાણીના મુદ્દે ઓવર એકસ્પલોઈટેશન ઝોનમાં આવે છે. આ ઉપરાંત ખેતીમાં પણ આકસ્મિક પાક-આયોજન ખેતીવાડી તંત્ર દ્વારા અમલમાં મુકવા ખેડૂતોને સમજાવવા માટેના પ્રયાસો હાથ ધરાશે.

જિલ્લામાં ખેતી અને પશુપાલન એ જિલ્લાના અર્થતંત્રની કરોડરજ્જુ છે. ગત વર્ષની તુલનામાં નવ હજાર હેક્ટરથી પણ ઓછુ વાવેતર આ વખતે થયુ છે. જે પિયતની સુવિધા ધરાવતા વિસ્તારોમાં જ નોંધાયુ છે.

જિલ્લા ખેતીવાડી તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૩૮૦૫૭ હેક્ટર વિસ્તારમાં ખરીફ વાવણીનું કાર્ય સંપન્ન થયેલ છે.

જેમાં કપાસનું વાવેતર ૨૦,૬૫૧ હેક્ટર, મગફળીનું વાવેતર ૩૮૦૬ હેક્ટર, મગનું ૨૮ હેક્ટર, મકાઈનું ૨૦ હેક્ટર, શાકભાજીના પાકોનું ૪૨૫૦ હેક્ટરમાં અને ઘાસચારાનું ૯૧૪૯ હેક્ટરમાં વાવેતર થયુ છે.

જિલ્લામાં સૌથી વધુ વાવેતર માણસા તાલુકામાં અને પછી દહેગામ તાલુકો આવે છે. સૌથી ઓછુ વાવેતર કલોલ તાલુકામાં નોંધાયો છે.

જિલ્લા ખેતીવાડી તંત્રનો સંપર્ક કરતાં જાણવા મળ્યુ છે કે આકસ્મિક પાક-આયોજન તૈયાર છે. જો કે જુલાઈ માસમાં જ જિલ્લામાં સામાન્યતઃ વાવણીલાયક વરસાદ થતો હોય છે. હજુ સારો વરસાદ થવાની શક્યતા છે અને જે વાવણીના અંદાજો છે તેટલા પ્રમાણમાં થશે તેમ આ સૂત્રો જણાવી રહ્યા છે.

વરસાદમાં વિલંબ જરૂર થયો છે તેવો આડકતરો એકરાર પણ આ સૂત્રો કરી રહ્યા છે. જો કે હવે ચોમાસુ ઝડપથી સક્રિય થશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કરી રહ્યા છે.

આજે પંચાયતીના પ્રતિનિધિઓ માટે ઓરી-રૂબેલાનો વર્કશોપ

ગાંધીનગર, તા. ૮

આજે ગાંધીનગર જિલ્લા પંચાયતના સરદાર પટેલ હોલમાં પંચાયતી રાજ સંસ્થાના પ્રતિનિધિઓનો ઓરી-રૂબેલા અંગેનો મહત્વનો વર્કશોપ બપોરે ૧૨.૩૦ કલાકે યોજાશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલ (ચૌધરી)ના અધ્યક્ષપદે યોજાનાર આ વર્કશોપમાં જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા સહિત ચુંટાયેલા તમામ સભ્યો હાજર રહેશે.

૧૬મી જુલાઈથી જિલ્લામાં આ ઓરી-રૂબેલાનું રસીકરણ અભિયાન શરૂ થઈ રહ્યું છે. આ માટે વિવિધ વર્કશોપો પછી હવે તંત્ર તેની તૈયારીઓમાં ઓતપ્રોત થઈ જશે. મળતી વિગતો પ્રમાણે આ વર્કશોપમાં જિલ્લા આરોગ્ય તંત્રના અધિકારીઓ ઉપરાંત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના પ્રતિનિધિ પણ ઉપસ્થિત રહેશે.

આ અભિયાનમાં પંચાયતી રાજ સંસ્થાના પ્રતિનિધિઓની સક્રિય ભૂમિકા પર વિશેષ ભાર મુકવામાં આવનાર છે. તેથી જ આ વર્કશોપનું ખુબજ મહત્વ છે. ગ્રામીણ વિસ્તારમાં લોક-જાગૃતિ અભિયાન અને સહયોગ આ પ્રતિનિધિઓનો મળી રહે તે માટે આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રી પણ વિશેષ અપીલ કરશે તેમ જામવા મળેલ છે.

આ વર્કશોપમાં દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ થકી રસીકરણ અભિયાનની વિગતો આપવા ઉપરાંત જિલ્લાના હાલના લક્ષ્યાંક અને તે અંગેની તંત્રની તૈયારીઓ અંગે જાણકારી આપવામાં આવશે. જિલ્લામાં ઓરીના કેસોની ઘટતી સંખ્યા તેમજ લોક જાગૃતિ અંગે પણ ચર્ચાઓ કરાશે તેમ જાણવા મળેલ છે.

નગરના મુખ્યમાર્ગોની સુધારણાનુ કામ ચોમાસા બાદ હાથ ધરાશે

ચ-માર્ગનુ રીસરફેસીંગ કરવામાં આવશે : ગ-માર્ગની કામગીરી પુર્ણ : સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા માટેની દરખાસ્ત હજુ પડતર

ગાંધીનગર તા ૭

શહેરમાં સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ બાકી છે. જયારે નગરના મુખ્ય માર્ગોનુ રીસરફેસીંગ પણ આગામી ચોમાસા બાદ સપ્ટેમ્બર મહીનામાં હાથ ધરાશે. સેકટરોમાં બાકી રહેતા આંતરિક માર્ગોની કામગીરી પણ પુર્ણ કરવા તંત્ર કક્ષાએથી દરખાસ્ત કરવામાં આવી છે.

શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પાંચ વર્ષના અંતે પણ હજુ સુધી પુર્ણ થયુ નથી. જયારે નવા સેકટરોમાં સે-૧ થી ૫ માં આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે ચોમાસા બાદ બાકી રહેતા નવા સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાશે જો કે આ અન્વયે માત્ર રીંગ રોડનુ કામ હાથ ધરાશે જયારે આંતરિક માર્ગોનુ કામ અંગે હજુ દરખાસ્તને મંજુરી આપવામાં આવી નથી. વધુમાં જુના સેકટરોમાં પણ હજુ માર્ગ સુધારણાની દરખાસ્ત વિભાગમાં અટવાયેલી છે. જયારે શહેરના મુખ્ય માર્ગોની સુધારણાને પણ નિયત સમય થઈ ગયો હોવાથી આગામી દિવસોમાં આ માર્ગોના રીસરફેસીંગ માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવશે નગરના મુખ્ય ચ માર્ગનુ કામ વરસાદી દિવસોના અંતે હાથ ધરાશે. જયારે ઘ માર્ગને પણ ચકાચક બનાવવા માટે આયોજન કરવામાં આવશે. હાલ નગરના ઉભા માર્ગોના સરફેસીંગની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે ગ માર્ગની સુધારણાનુ કામ પણ

● અનુસંધાન પાન-૭ પર

શહેરના સે-૨૧ અને ૨૬ ના રીંગ રોડ પર ૩ કરોડના ખર્ચે ફુટપાથ બનશે

બાકી કામગીરી પુર્ણ કરવા અગાઉ સર્વે હાથ ધરાયો હતો : ફુટપાથ નિર્માણ માટે તંત્રએ વિભાગને દરખાસ્ત કરી

ગાંધીનગર તા ૭

શહેરમાં ફુટપાથની બાકી કામગીરી પુર્ણ કરવા માટે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જયારે ફુટપાથને અનુલક્ષી બાકી કામ હાથ ધરવા માટે પણ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જેના અંતે સે-૨૧ અને સે-૨૬ માં રીંગરોડ પર ફુટપાથ બનાવવા માટે ટુંકમાં આયોજન કરવામાં આવશે. જેની પાછળ અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરમાં વર્ષ દોઢ દાયકા પુર્વે નગરમાં ઘ-૫ થી સરકીટ હાઉસ તરફના માર્ગ પર ફુટપાથનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ ત્યારબાદ તબક્કવાર ચ માર્ગ સહીત અન્ય મુખ્યમાર્ગો પર વોક વે નુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. તબક્કાવાર સેકટરોના રીંગ રોડ આસપાસ પણ ફુટપાથનુ કામ કરવામાં આવ્યુ હતુ. શહેરના મોટાભાગના વિસ્તારોમાં હાલ ફુટપાથ જોવા મળી રહી છે. જો કે ફુટપાથની જાળવણીનુ કામ રામભરોસે હોય તેવી સ્થિતિ પણ સર્જાઈ છે. નગરની ફુટપાથો પર વાહનો દોડાવાય છે. ફુટપાથ પર ગાબડા જોવા મળી રહયા છે. જયારે ગ માર્ગ પર આર ટી ઓ કચેરી પાસે એકબાજુ હજુ પણ ફુટપાથ બની નથી. બીજીતરફ તંત્ર દ્વારા શહેરમાં ફુટપાથની બાકી કામગીરી અન્વયે થોડા સમય અગાઉ સર્વે હાથ ધરાયો હતો. જેના અંતે સે-૨૧ અને સે-૨૬ માં રીંગ રોડ પર ફુટપાથ બનાવવા માટે પણ અયોજન કરવામાં આવ્યુ છે. આ મામલે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે. ફુટપાથની આ કામગીરી પાછળ રૂ ૩ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. શહેરમાં ફુટપાથની કામગીરી પુર્ણ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે ઘણાં

● અનુસંધાન પાન-૭ પર

જળસંચય અને પર્યાવરણ બચાવોનો સંદેશો આપવા માટે રવિવારે વડનગરા નાગર મંડળ દ્વારા ઘ-૦ થી સાઈકલ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ આ રેલીને ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ સમાજના અગ્રણી અને શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતુ. સાઈકલ રેલીમાં ૫૨ જેટલા સમાજના સભ્યો જોડાયા હતા. આ રેલી ઘ માર્ગ પર આગળ વધીને ઘ-૭ થઈ વનચેતના કેન્દ્ર પાસે સંપન્ન થઈ હતી.

એસ ટી ડેપોમાં સ્ટાફ માટેના દવાખાનાને એક દાયકાથી તાળુ

અગાઉ ડોકટર સહીતની ટીમ સેવા આપતી હતી

ગાંધીનગર તા ૮

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીના નામે મીંડુ છે. જયારે એસ ટી ડેપોના ડ્રાઈવર કંડકટર અને મુસાફરોને માટે વર્ષો પુર્વે કાર્યરત દવાખાનુ પણ દાયકાઓથી બંધ હાલતમાં છે. જેના લીધે ડ્રાઈવર કંડકટરને મળતી આરોગ્ય સેવા પણ ખોરવાઈ ગઈ છે. આ બંધ દવાખાનુ શરૂ કરીને પુન : ડેપોના સ્ટાફને આરોગ્ય સેવા પુરી પાડવા માટે પણ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવાની વાત હજુ અધ્ધરતાલ છે. ડેપોમાં સલામતી વ્યવસ્થાના નામે પણ મીંડુ છે. એકાંતરે મુસાફરોના ખિસ્સા કપાતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. એકબાજુ એસ ટી ડેપોમાં પોલીસ પહેરો ગોઠવવા માટે પોલીસ ચોકી કાર્યરત થાય તે માટે જગ્યા પણ ફાળવવામાં આવી છે.એસ ટી તંત્ર દ્વારા ટોકન દરે આ જગ્યા ફાળવવાની તૈયારી દર્શાવાયા બાદ પણ ડેપોમાં સલામતી વ્યવસ્થા ગોઠવી શકાઈ નથી. જેના લીધે મુસાફરો અને ખાસ કરીને

● અનુસંધાન પાન-૭ પર

પંચાયતની સામાન્ય સભા ઓગષ્ટના પ્રથમ પખવાડિયામાં

પંચાયતની સમિતિઓની રચના એ આ સામાન્ય સભાનુ મુખ્ય આકર્ષણ રહેશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ઓગષ્ટના પ્રથમ પખવાડિયામાં યોજવા માટેના ચકો ગતિમાન કરાયા છે.

જિલ્લા પંચાયતના નવા વરાયેલા પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલ(ચૌધરી)ના અધ્યક્ષપદે મળનારી આ પ્રથમ બેઠક માટે પંચાયતની તમામ શાખાઓ પાસેથી સમિતિની બેઠકો, અમલવારી તેમજ સામાન્ય સભામાં રજુ કરવા માટેની બાબતો મંગાવવામાં આવી છે.

૧૦ દિવસમાં આ વિગતો મોકલી આપવા નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ સૂચવ્યુ છે. આ પછી સામાન્ય સભાનો એજન્ડા નિયત કરી અને તે અંગેની ફાઈલ શરૂ થશે.

પંચાયત વિભાગના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે ઓગષ્ટ માસમાં પંચાયતની સમિતિઓની રચનાની મુદત પણ પૂર્ણ થતી હોવાથી આ બેઠકમાં નવી સમિતિઓની રચના મહત્વનો મુદ્દો બનશે.

કોંગ્રેસ પક્ષ પણ સમિતિઓની રચનાના મુદ્દે સૌને સાથે રાખી આગળ વધશે તેમ પક્ષના સૂત્રોનું કહેવુ છે. જો કે સમિતિઓની રનચાને લઈ હજુ પક્ષ દ્વારા કોઈ જ કવાયત હાથ ધરવામાં આવી નહિ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

મહિલા પ્રમુખના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં પ્રમુખશ્રી દ્વારા કેટલીક મહત્વની જાહેરાતો માટે અધ્યક્ષસ્થાનેથી પણ પ્રસ્તાવો રજુ કરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

પંચાયતની સામાન્ય સભા ૧૫ ઓગષ્ટ પહેલાં મળશે તેવા સંકેતો આપતાં આ સૂત્રો જણાવે છે કે ૧ ઓગષ્ટ સુધીમાં તારીખ મેળવી અને આગળ વધવામાં આવશે.

ગાંધીનગર સાહિત્યસભા અને સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર

મહાભારતના વિરાટપર્વમાં આવતા, પાંડવોના અજ્ઞાતવાસ દરમિયાન સૈરન્ધ્રી બનતા દ્રૌપદીના પાત્રને આધારે ચોપાઈ અને દોહરામાં સુબદ્ધ; વિશિષ્ટ કવિદૃષ્ટિથી રચાયેલાં સાત સર્ગનાં પ્રબંધકાવ્ય 'સૈરન્ધ્રી'ની કવિમુખે પ્રસ્તુતિ.
કાવ્યપઠન : વિનોદ જોશી
૧૦ જુલાઈ, મંગળવાર, સાંજના ૫:૩૦
: સ્થળ :
નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ૬૧/૧, ઘ-ટાઈપ, લગ્નવાડી પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર.
રસ ધરાવતા સર્વેને ઉપસ્થિત રહેવા સાદર નિમંત્રણ છે.
: નિમંત્રક :
નટવર હેડાઉ, પ્રમુખ, ગાંધીનગર સાહિત્યસભા
રમેશ પટેલ, પ્રમુખ, સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

LEARN PHOTOGRAPHY CINEMATOGRAPHY
1 MONTH BASIC, 3 MONTH ADVANCE COURCE
LEARN ACTING
THEORY + PRATICAL
WELL EQUIPPED STUDIO
AUDIO-VISUAL FACILITIES
Arpan Films
Where Your Dreams Are Fulfilled
B-332-333, Pramukh Arcade, Kudasan, Gandhinagar
Mo. +91 7878101541 | arpanfilms87@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com